ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ હસ્તકની
કન્ડમ કરાયેલ જુની બે જીપો સામે નવી એક જીપ
ખરીદવાની મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**યાદી ક્રમાંકઃ-મકમ/૧૦૨૦૧૨/વાહન કન્ડમ /૪**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ-૨૧/૭/૨૦૧૨**

સંદર્ભઃ-

(૧)- ગૃહ વિભાગનાં તા.૭/૧૨/૦૨ ના ઠરાવ ક્રમાંક. જીટીએસ/૧૦૨૦૦૧/૩૦૨૬/ઘ

(૨)- ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૧૧/૪/૧૨નો પત્ર ક્રમાંક.અવિકો/મકમ/૫૬

(૩)-બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક-
જીટીએસ/૧૦૨૦૦૬/યુ.ઓ.૮/ઘ

**યાદી :-**

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન હસ્તકની જુની બે જીપો (૧) નં.જી.જે.૧૮ એ ૩૬૦૫ અને (૨) નં. જી.જે. ૧૮ એ ૩૬૦૪ સંદર્ભ (૧) પરનાં ગૃહ વિભાગના ઠરાવની જોગવાઈ અનુસાર રદ બાતલ કરવામાં આવેલ છે.

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગરનાસંદર્ભ(૨)પરનાતા.-૧૧/૪/૨૦૧૨ના પત્રથી ઉકત કન્ડમ કરાયેલ બે જીપો સામે નવી બે જીપો ખરીદવાની મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

સંદર્ભ (૩) પરના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવના નિયમ-૫ અનુસાર વાહન ખરીદવાની નીતિ નકકી કર્યા મુજબ સચિવાલયના વહિવટી વિભાગો સિવાયની ક્ષેત્રીય કચેરીઓના અધિકારી અને કર્મચારીઓ માટે (૧).મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર કંપની બોલેરો (ડીઝલ) (૨). ટાટા સુમો (ડીઝલ) (૩). ટાટા વિકટા (ડીઝલ) પ્રકારના બિન વાતાકુલિત વાહનો જ નિયમાનુસાર ખરીદવાના રહેતા હોવાથી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનની

કન્ડમ કરાયેલ બે જુની જીપો સામે ઉકત ત્રણ પૈકી કોઈ એક જ વાહન ખરીદવાની આથી આપવામાં આવે છે.

આ નવા વાહનની ખરીદી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં કરવામાં આવેલ જોગવાઈમ કરવાની રહેશે.

આ નવા વાહનની ખરીદી સરકારશ્રીની સ્થાયી સુચનાઓને ધ્યાને લઈને કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઈલ પર નાંણા વિભાગની તા.૧૬/૭/૨૦૧૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે જે. ખડિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

-મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન ૧૦/૨,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-પગાર અને હિસાબી અધિકારીશ્રી. ગાંધીનગર.

-નાંણા વિભાગ (અ-શાખા) ન્યુ સચિવાલય, ગાંધીનગર.

-એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ,/ રાજકોટ.

-સિલેકટ ફાઈલ .